# કીટકશાસ્ત્ર વિભાગ, બં. અ. કૃષિ મહાવિદ્યાલય દ્વારા માંકવા, તા. મેહમદાવાદ, જી. ખેડા ખાતે "વેલાવાળા શાકભાજી પાકોમાં સંકલિત જીવાત વ્યવસ્થાપન" વિષે ખેડૂત દિનની ઉજવણી

આણંદ કૃષિ યુનિવર્સિટી હસ્તકની બં. અ. કૃષિ મહાવિદ્યાલયના કીટકશાસ્ત્ર વિભાગ દ્વારા માનનીય કુલપતિશ્રી ડૉ. કે. બી. કથીરિયાના માર્ગદર્શન હેઠળ તા. ૨૧-૦૩-૨૦૨૫ને શુક્રવારના રોજ રાજ્ય સરકાર અનુમોદીત યોજના "સંકલિત જીવાત વ્યવસ્થાપન અને જૈવિક નિયંત્રણ" (બ. સ.: ૧૨૯૬૪) અંતર્ગત માંકવા, તા. મેહમદાવાદ, જી. ખેડામાં વેલાવાળા શાકભાજી પાકોની જીવાતો તથા આ વિસ્તારમાં ઉગાડવામાં આવતા અન્ય પાકોના પ્રશ્નોના નીરાકરણ માટે "વેલાવાળા શાકભાજી પાકોમાં સંકલિત જીવાત વ્યવસ્થાપન" વિષય ઉપર એક ખેડૂત દિનનું આયોજન કરવામાં આવેલ, જેમાં અંદાજીત ૨૦૦ જેટલા કરતાં ખેડૂતોએ ભાગ લીધેલ હતો. આ કાર્યક્રમમાં ડૉ. જે. કે. પટેલ, વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, આકૃયુ, આણંદ; ડૉ. ડી. બી. સિસોદીયા, પ્રાધ્યાપક અને વડા, કીટકશાસ્ત્ર વિભાગ; ડૉ. આર. જી. પરમાર, પ્રાધ્યાપક અને વડા, રોગશાસ્ત્ર વિભાગ; ડૉ. એચ. એચ. સીતાપરા, સહ પ્રાધ્યાપક, બાગાયત વિભાગ; ડૉ. ડી. ડી. ચૌધરી, એગ્રોનોમિસ્ટ, નિંદણ નિયંત્રણ યોજના; ડૉ. અજય મારૂ, મદદનીશ પ્રાધ્યાપક, કૃમિશાસ્ત્ર વિભાગ; ડૉ. મિહિર પંડયા, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક, મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્ર; ડૉ. એમ. બી. ઝાલા, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક, કૃષિ સંશોધન કેન્દ્ર, આકૃયુ, સણસોલી અને શ્રી. સંજયભાઈ રાવળ, વિસ્તરણ અધિકારીશ્રી ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનાં અધ્યક્ષ ડૉ. જે. કે. પટેલ, વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીએ આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા ચલાવવામાં આવતા જુદા જુદા તાલીમ વર્ગોમાં ભાગ લેવા તેમજ કૃષિ યુનિવર્સિટીની ખેડૂતોપયોગી ભલામણોનો અમલ કરવા સૌ ખેડૂતોને ભારપૂર્વક જણાવ્યું હતું. તેમજ આવા અંતરિયાળ વિસ્તારમાં ખેડૂત દિનનું ખૂબ સફળ રીતે આયોજન કરવા બદલ કીટકશાસ્ત્ર વિભાગના વડા ડૉ. ડી. બી. સિસોદીયા અને તેની ટીમને અભિનંદન પાઠવેલ.

કાર્યક્રમની શરૂઆત મહાનુભાવો દ્વારા દિપ પ્રાગટ્ય, પ્રાર્થના તથા આકૃયુના પ્રેરણા ગીતથી કરવામાં આવી. ઉપસ્થિત મહાનુભાવો અને વૈજ્ઞાનિકોનું શાબ્દિક સ્વાગત ડૉ. ડી. બી. સિસોદીયા, પ્રાધ્યાપક અને વડા, કીટકશાસ્ત્ર વિભાગ દ્વારા કરવામાં આવેલ. ત્યારબાદ મહાનુભાવો દ્વારા ખેડૂતોને સરળ ભાષામાં માહિતી મળે રહે તે આશયથી તૈયાર કરેલ "વેલાવાળા શાકભાજી પાકોમાં ફળમાખીનું સંકલિત વ્યવસ્થાપન" વિષયનું ફોલ્ડર વિમોચન કરવામાં આવેલ. ડૉ. ડી. બી. સિસોદીયાએ યોજનાકીય માહિતી, કાર્યક્રમની રૂપરેખા સાથે વેલાવાળા શાકભાજી પાકોમાં અત્યારની સૌથી જટીલ સમસ્યા એવી ફળમાખીના વ્યવસ્થાપન માટે લેવામાં આવતા પગલાં વિષે જ્યારે વેલાવાળા શાકભાજી પાકોની અન્ય જીવાતો અંગે ડૉ. એચ. સી. પટેલ દ્વારા

માહિતી પૂરી પાડવામાં આવેલ હતી. બાગાયતી પાકોમાં સંકલિત રોગ વ્યવસ્થાપન અંગેની માહિતી ડૉ. આર. જી. પરમારે પૂરી પાડી અને ખેડૂતોને મુંઝવતા વિષાણુથી થતાં રોગો જેવાકે પંચરંગિયો, પીળી નસનો રોગ, કોકડવા વગેરે પ્રશ્નોનોના પણ ઉકેલ આપ્યા હતા. ડૉ. ડી. ડી. ચૌધરીએ બાગાયતી તેમજ અન્ય પાકોમાં આવતા નિંદણ અને તેના સંકલિત વ્યવસ્થાપન, બજારમાં મળતા વિવિધ નીંદામણનાશકોના સાવચેતીપૂર્વક ઉપયોગ વિશે જણાવ્યું હતું. વિસ્તારને અનુરૂપ શાકભાજીની જાતો અને તેની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ વિષે જણાવતા ડૉ. મિહિર પંડયાએ તેમાથી પ્રાપ્ત થતાં પોષકતત્વોનું મહત્વ પણ સમજાવ્યું હતું. વિસ્તારને અનુરૂપ ઉગાડવામાં આવતા બાગાયતી પાકોની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ તથા બાગાયત વિભાગ, આકૃયુ, આણંદ ખાતે ઉપલબ્ધ વિવિધ બાગાયતી પાકોના છોડ વિષયક માહિતી ડૉ. એચ. એચ. સીતાપરાએ પૂરી પાડી. બાગાયતી પાકોમાં કૃમિથી થતાં નુકસાન અને તેને અટકાવવા માટેના પગલાં વિષે ડૉ. અજય મારૂએ જણાવ્યુ. ત્યારબાદ માંકવા ગામનાં ગ્રામસેવક શ્રી સાગરભાઈ ડોબરિયાએ સરકારશ્રીની વિવિધ યોજનાઓની સહાય અને અરજીની પ્રક્રિયા વિષે માહિતગાર કરેલ. કાર્યક્રમને સફળ બનાવવામાં વિભાગના શ્રી સાવન સેવક, શ્રીમતી રેખાબેન ઠાકોર, રીસર્ચ ફેલો તથા ખેડૂત અગ્રણીઓનો ખૂબ મહત્વનો ફાળો રહ્યો હતો. આ કાર્યક્રમનું સફળ સંચાલન ડૉ. મીરલ ડી. સુથાર તથા આભારદર્શન ડૉ. એચ. સી. પટેલે કરી કાર્યક્રમને પુર્ણ જાહેર કરવામાં આવેલ.

**માંકવા, તા. મેહમદાવાદ, જી. ખેડા ખાતે યોજાયેલ ખેડૂત દિનની ઝલક**











વેલાવાળા શાકભાજી પાકોમાં સંકલિત
જીવાત વ્યવસ્થાપન
ખેડૂત દિન
AAU


વેલાવાળા શાકભાજી પાકોમાં સંકલિત
જીવાત વ્યવસ્થાપન
ખેડૂત દિન
AAU


વેલાવાળા શાકભાજી પાકોમાં સંકલિત
જીવાત વ્યવસ્થાપન
ખેડૂત દિન
AAU


વેલાવાળા શાકભાજી પાકોમાં સંકલિત
જીવાત વ્યવસ્થાપન
ખેડૂત દિન
સ્થળ: માંકવા, તા. મહેમદાવાદ, જી. ખેડા
: આયોજક :
AAU


વેલાવાળા શાકભાજી પાકોમાં સંકલિત
જીવાત વ્યવસ્થાપન
ખેડૂત દિન
AAU


વેલાવાળા શાકભાજી પાકોમાં સંકલિત
જીવાત વ્યવસ્થાપન
ખેડૂત દિન
તારીખ: ૨૧/૦૩/૨૦૨૫, શુક્રવાર
સ્થળ: માંકવા, તા. મહેમદાવાદ, જી. ખેડા
AAU


વેલાવાળા શાકભાજી પાકોમાં સંકલિત
જીવાત વ્યવસ્થાપન
ખેડૂત દિન
તારીખ: ૨૧/૦૩/૨૦૨૫, શુક્રવાર
સ્થળ: માંકવા, તા. મહેમદાવાદ, જી. ખેડા
: આયોજક :
AAU


વેલાવાળા શાકભાજી પાકોમાં સંકલિત
જીવાત વ્યવસ્થાપન
ખેડૂત દિન
AAU


વેલાવાળા શાકભાજી પાકોમાં સંકલિત
જીવાત વ્યવસ્થાપન
ખેડૂત દિન
તારીખ: ૨૧/૦૩/૨૦૨૫, શુક્રવાર
સ્થળ: માંકવા, તા. મહેમદાવાદ, જી. ખેડા
: આયોજક :
AAU


AAU


વેલાવાળા શાકભાજી પાકોમાં સંકલિત
જીવાત વ્યવસ્થાપન
ખેડૂત દિન
તારીખ: ૨૧/૦૩/૨૦૨૫, શુક્રવાર
સ્થળ: માંકવા, તા. મહેમદાવાદ, જી. ખેડા
AAU


વેલાવાળા શાકભાજી પાકોમાં સંકલિત
જીવાત વ્યવસ્થાપન
ખેડૂત દિન